**નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત**

**સાફલ્યગાથા તા.૧૨/૦૭/૨૦૨૧ થી ૧૮/૦૭/૨૦૨૧**

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| નવસારી ટાઉન પો.સ્ટે. અધિકારી/ કર્મચારીઓ | નવસારી ટાઉન પાર્ટ બી ગુ.ર.નં.૧૧૮૨૨૦૧૯૨૧૨૪૪૭ જુગાર ધારા કલમ ૧૨ ખુલ્લામાંતીન પત્તી પૈસા પાનાનો હારજીતનો જુગાર રમતા રેડ દરમ્યાનઅંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂપીયા ૯૨૪૦/- તથા ગંજીપાના નંગ-૨૪ કી.રૂ.૦૦/ તથા દાવ ઉપરના રોકડા રૂપીયા ૧૭૨૦/- તથા ગંજીપાના નંગ-૨૮ કી.રૂ.૦૦/- મળી કૂલ કી.રૂ.૧૦,૯૬૦/-નો મુદામાલ તથા જુગારના સાધનો સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કવરામાં આવેલ. |
| આજરોજ તા. ૧૭.૦૭.૨૦૨૧ નવસારી પોલીસ અધિક્ષકની કચેરી ખાતે ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને કાયદો અને વ્યવસ્થાની પરસ્થિતિની સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં એડીશનલ ડી.જી.પી.શ્રી રાજકુમાર પાંડિયન,(સુરત રેન્જ આઇ.જી.પી.) જિલ્લા પોલીસ અધિક્ષક ઋષિકેશ ઉપાધ્યાય તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા | |



નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે ગુમ થનારની તાત્કાલિક તપાસ કરી ગણતરીના કલાકોમાં ટ્રેક કરી તેણીના કુટુંબીજનોને સોંપવામાં આવેલ છે.

**********

સુ.શ્રી.દર્શનાબેન મહેશકુમાર રાઠોડ રહે. ઇટાળવા નવસારી નાએ તા.૧૧/૦૭/૨૦૨૧ કલાક ૧૪/૦૦ ના અરસામાં નવસારી રૂરલ પો.સ્ટે.માં જાણ કરેલ કે તેઓના સગા બહેન જીજ્ઞેશાબહેન મગનલાલ પટેલ ઉ.વ. આશરે ૩૮ ની તા. ૧૧/૦૭/૨૦૨૧ કલાક ૦૯:૩૦ ના અરસામાં ઘરેથી કોઇને પણ કહ્યા વગર કયાંક જતા રહેલ છે, આ અંગે તેઓના નજીકના સગા-સબંધી તથા મિત્રોના ઘરે તપાસ કરતા મળી આવેલ નથી અને તેઓનો ફોન પણ બંધ આવે છે.

આ અંગે નવસારી રૂરલ પો.સ્ટે. ખાતે ગુમ અંગેની નોંધ કરી શ્રી પી.પી.બ્રહ્મભટ્ટ પો.ઈ. નાઓએ ગુમ થનારના મોબાઇલ નંબરોના લોકેશન મેળવી, તે આધારે સુ.શ્રી. એસ.બી.ટંડેલ, પો.સ.ઇ. તથા અન્ય પોલીસ માણસોની ટીમ બનાવી ગુમ થનારને શોધી કાઢવા ત્વરીત પ્રયત્નો શરૂ કરેલ. પરંતુ ગુમ થનારનો મોબાઇલ ચાલુ/બંધ થતો હોય ટ્રેક કરવામાં મુશ્કેલી થતી હતી અંકલેશ્વર વિસ્તારનુ લોકેશન મળતા ટીમ તાત્કાલિક અંકલેશ્વર તરફ રવાના થયેલ દરમ્યાન ગુમ થનાર નવસારી તરફ આવતા હોવાનું જણાયેલ. તપાસ ટીમ દ્વારા સુરત ટોલનાકા ખાતે વોચ રાખતા કડોદરા પાટીયા પાસેથી તેણીને ટ્રેક કરી નવસારી રૂરલ પો.સ્ટે.ખાતે લઇ આવી જરૂરી કાર્યવાહી બાદ કલાક ૧૯/૦૦ દરમ્યાનમાં તેણીના કુટુંબીજનોને સોંપવામાં આવેલ છે.

આમ ગુમ થનારની પોલીસ દ્વારા તાત્કાલિક તપાસ કરી ગણતરીના કલાકોમાં ટ્રેક કરી, નવસારી જીલ્લા પોલીસ દ્વારા ઉમદા માનવતા ભર્યું કાર્ય કરી પોલીસ દ્વારા પ્રસ્તૃત બાબતે સંવેદનશીલતા દાખવવામાં આવેલ. જેથી તેણીના પરીવાર તથા સગા-સંબંધીમાં આનંદ છવાઇ ગયેલ આ અંગેની પ્રિન્ટ તથા ઇલેકટ્રોનિક મીડીયામાં નોંધ લઇ પોલીસની આ સરાહનીય કામગીરીને બીરદાવી અભિનંદન પાઠવેલ છે.